મહિલાઓને આત્મનિર્ભર કરવા સહકારી ક્ષેત્રની ભૂમિકા મહત્વની : રાજ્યપાલ

ગાંધીનગરમાં રાજ્ય સહકારી સંઘ દ્વારા મહિલા સહકારી શૈક્ષણિક સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

મહીલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સહકારીક્ષેત્રે મહત્વની ભૂમિકા અદા કરી હોવાનું આજે રાજ્યપાલ ડૉ. કમલાજીએ જણાવ્યું હતું. ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત મહિલા સહકારી શૈક્ષણિક સેમિનાર દરમિયાન રાજ્યપાલે સહકારી મંડળીઓના આર્થિક ઉપાર્જનના કાર્યોથી ગરીબ અને ગ્રામિણ વિસ્તારની મહીલાઓને આર્થિક લાભ થયો હોવાનું પણ ઉમેર્યું હતું.

મહિલા સહકારી શૈક્ષણિક સેમિનાર દરમિયાન તેમણે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રે ૧૦૦ વર્ષ પૂર્ણ કરીને એક સફળ ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે. ત્યારે આ ક્ષેત્રના વિકાસમાં મહીલાઓનું યોગદાન અવિસ્મરણીય છે. આ ક્ષેત્રમાં મહીલાઓને વધુ સંખ્યામાં સામેલ કરવા પણ તેમણે ભાર મુક્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારની મહીલાઓ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ગરીબ અને નિ સહાય મહીલાઓ તેમજ તેમના પરિવારો સુધી પહોંચેતે માટે પણ પ્રયાસ કરવો જોઈએ. રાજ્યની સરકારી ક્ષેત્રની સંખ્યામાં દેશમાં અગ્રીમ સ્થાન પર છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૦૧૨ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે જાહેર કર્યું છે ત્યારે જનસમુદાયના સામાજિક આર્થિક વિકાસ માટે સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન મળશે.

કેન્દ્રીય ખાણ રાજ્યમંત્રી દિનશા પટેલે જણાવ્યું હતું કે સહકારી પ્રવૃત્તિના વિકાસમાં મહિલાઓની પાયાની ભૂમિકા છે. સહકારી ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે મહિલા સહકારી સંસ્થાઓની સંખ્યા વધે તેવા પ્રયાસો કરવા જોઈએ.

રાષ્ટ્રીય સહકારી સંઘના ઉપાધ્યક્ષ ડૉ. ચંદ્રપાલસિંહ યાદવે જણાવ્યું હતું કે દેશમાં સહકારી સંસ્થાઓનો નોંધપાત્ર વિકાસ થયો છે જેમાં મહિલાઓનો પણ મહત્વનો હિસ્સો છે. ગ્રામ્ય વિસ્તારો સુધી સહકારી ક્ષેત્રના વિકાસના લાભો પહોંચે તેવા પ્રયત્નો આપણે સૌએ કરવા જોઈએ.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે મહિલાઓનું આર્થિક સશક્તિકરણ થાય તે માટે સહકારી ક્ષેત્રનો વિકાસ ખૂબ જ જરૂરી છે.

ગાંધીવંદના

- સંજય થોરાત

સૂર અને સ્વરથી ગાંધીવંદના... જે પીડ પરાઈ જાણે રે.. !!

મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ એમનાં પ્રિય ભજનો દ્વારા ઉજવવાનો શિરસ્તો

'વૈષ્ણવ જન તો તેને રે કહીએ...' ભજન ગૂંજતું હોય એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી નજર સમક્ષ દૃશ્યમાન થાય, થાય અને થાય જ ! ગાંધીનગર હવે તો ગુજરાતની સાંસ્કૃતિક રાજધાની બનતી જાય એટલી સાંસ્કૃતિક સંસ્થાઓ અને કાર્યક્રમો યોજાય છે. કાર્યક્રમોની ગુણવત્તા અને અવનવાં કાર્યક્રમો આપવાની તંદુરસ્ત હરિફાઈમાં નગરવાસીઓ ફાવી જાય છે. આ બીજી ઑક્ટોબરે આપણા રાષ્ટ્રપિતા અને યુગપુરુષ મહાત્મા ગાંધીજીની ૧૪૪મી જન્મજયંતિ કલાગુર્જરી સંસ્થા સુર અને શબ્દના માધ્યમથી ભાવાંજલી આપશે...

'મારું જીવન એ જ મારો સંદેશ છે' એવું કહેનારા ગાંધીબાપુ સામાન્ય માણસના દિલમાં વસે છે. ગાંધીપ્રેમી જનતા માટે કંઈક એવું જ કરવું એવું આજથીદસ વર્ષ પૂર્વે કલાગુર્જરી સંસ્થાના આયોજકોના મનમાં આવ્યું. ગુજરાત રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના પૂર્વ મંત્રી અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ અને ગાંધીનગરના દરેક કાર્યક્રમમાં હૃદયપૂર્વક પોતાનો સહયોગ આપતાં શ્રી મહેન્દ્ર ત્રિવેદી અને શ્રી જયરાજસિંહ સરવૈયાએ બીજી ઑક્ટોબરે ગાંધીજીની શ્રધ્ધાંજલી અર્પવ જાહેર કાર્યક્રમ કરવાનો સંકલ્પ કર્યો.

ગાંધીનગર ટાઉનહૉલ સામેની ખુલ્લી હરિયાળા ગાલીચા જેવી લીલીછમ્મ લોનમાં આશીત-હેમા-આલાપ દેસાઈ ગાંધીજીનાં પ્રિય ભજનો ગાવા પ્રથમવાર જ પધાર્યા. નવરાત્રીના ઉજાગરાનો માહોલ, સવારે ૬-૩૦ વાગ્યાનો સમય અને ગાંધી ભક્તિની વાતમાં કેટલા લોકો આવશે ? એવી શંકા કોઈનાય મનમાં આવે, પણ ગાંધીજી લોકહૃદયમાં બિરાજે છે એવું તો ૨૦૦૦ની લોકસંખ્યા સ્વયંભૂ શિસ્તબધ્ધ સફેદ કપડાંની શાંતિમય સાદગીથી આવી જતાં આયોજકો ધરતી પર અને ગાંધીજી સ્વર્ગમાંય રોમાંચિત થઈ ઊઠ્યા હશે !! ગાંધીજીનો જન્મદિવસ આટલો ભવ્યતાથી ઉજવાયાની કદાચ એ ગાંધીનગરની પ્રથમ ઘટના બની અને પછી એ શિરસ્તો બન્યો. દરેક ધર્મ-નાત-જાતના લોકો માત્ર ગાંધીજીને પોતાની ભાવાંજલી અર્પવા અલાર્મ લગાડ્યા વગર ઊઠીને આવી જાય છે. આ જે પીડ પરાઈ જાણે રે...ના શિર્ષક હેઠળ કાર્યક્રમ યોજાય છે એમાં આશિત-હેમા દેસાઈ, દિપ્તી દેસાઈ, કલ્યાણી કોઠાણકર, હસમુખ પાટડિયા, પ્રફુલ્લ દવે, શ્યામલ-સૌમિક મુન્શી, અયોધ્યાદાસ-રામસેવક દાસ, ડૉ. ભાવના મહેતા અને ઉન્નતિ ઝીંઝુવાડિયા જેવા ઊંચા ગજાના કલાકારોએ ગાંધીજીનાં પ્રિય ભજનો ભક્તિભાવથી ગાઈને કાર્યક્રમને ચાર ચાંદ લગાવેલા છે !

ગાંધીજી કહેતા કે પ્રાર્થના એ તો સાવરણી જેવી છે જે મનનો કચરો વાળી બહાર કાઢે છે. તેઓ સવારે બ્રહ્મમુહૂર્તમાં ઊઠી પ્રાર્થના કરતાં અને રાત્રે સુતી વખતેય બિનચૂક પ્રાર્થના કરી મન અને આંગણું બંને ચોખ્ખું કરતા. ગાંધીનગરની જનતાના મનનો કચરો વાળવા ગુજરાતના ખ્યાતનામ કલાકારો લાવી ગાંધી વંદનાનો કાર્યક્રમ યોજી 'સબકો સન્મતિ દે ભગવાન' જેવી પ્રાર્થનાથી ગાંધીજીની પ્રાર્થનાનો વારસો આગળ ધપાવવાનું કાર્ય કલાગુર્જરી કરી પુણ્ય કમાવી રહ્યા છે. આ મંગળવારે બીજી ઑક્ટોબરો ગુજરાતના ગુણિયલ ભજનીક અને લોકગાયક હેમંત ચૌહાણ ગાંધીજીની વંદનાના કાર્યક્રમમાં એમનો મધુરો કંઠ રેલાવવાના છે. સતત છઠ્ઠે વર્ષે યોજાઈ રહેલા ગાંધીવંદનાના કાર્યક્રમની પાછળ જ ગાંધીજીને પ્રિય એવી સાયકલ દ્વારા સાદગીનો સંદેશો સમાજમાં ફેલાવવા એક સાયકલ મહાયાત્રાનું આયોજન પણ થયું છે.

પ્રેમ અને સદ્‌ભાવનાના તંતુને મજબૂત કરવાના આ મસ્ત આયોજનમાં શક્ય હોય ત્યાં સુધી સૌને ખાદીનાં વસ્ત્રો ધારણ કરી, ગાંધીટોપી પહેરી ભજન સાંભળવા આવીને ગાંધીજીનો રાજીપો મેળવવાની તક ચૂકવા જેવી નથી. આ કાર્યક્રમ વખતે ગાંધીજીને પ્રિય એવી ચરખા-પુસ્તકો જેવી સામગ્રીનો સ્ટોલ પણ લાગે છે. ત્યાંથી જો 'સત્યના પ્રયોગો' પુસ્તક ખરીદીને વંચાય તો તમે પણ અવશ્ય કહી જ ઊઠશો કે... જે પીડ પરાઈ જાણે રે...! ખાસ નોંધ : રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ગેઝીયા દ્વારા ગાંધીનગરના સ્વાસ્થ્ય અને પર્યાવરણની પહેલ માટે સાયકલ મહાયાત્રાનું આયોજન કર્યું છે. માટે સૌએ આ દિવસે પોતાની સાયકલ લઈને ગાંધીવંદનામાં આવવા વિનંતી જેથી તરત જ સાયકલ મહાયાત્રામાં જોડાઈને ગાંધીજીને અંજલિ અર્પી શકાય.

વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે મુલાકાતીઓને પ્રકૃતિ ઉદ્યાનમાં નિઃશુલ્ક પ્રવેશ

ગાંધીનગર, તા. ૨૯

દર વર્ષની જેમ ચાલુ વર્ષે 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા તા. ૨ ઓકટોબોર ૨૦૧૨ થી ૮મી ઓકટોબર ૨૦૧૨ દરમિયાન ૫૮મા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, ગાંધીનગર અને ઈન્દ્રોડા પાર્કનો પૂર્વ વિસ્તાર-અરણ્ય પાર્ક ખાતે કરવામાં આવશે જેના ભાગરૂપે મુલાકાતીઓને વિના મૂલ્યે પ્રવેશ અપાશે.

૫૮મા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, અરણ્ય પાર્ક ખાતે કરવામાં આવશે. જે અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો દ્વારા પ્રકૃતિ અને પર્યાવરણીય સભાનતા કેળવાય અને પર્યાવરણીય સંરક્ષણ માટે રસ જાગે તે સારુ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ગાંધીનગર અને ઈન્દ્રોડા પાર્કનો પૂર્વ વિસ્તાર અરણ્ય પાર્કની મુલાકાતે આવનાર મુલાકાતીઓ તથા જાહેર જનતાને વિના મૂલ્યે પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. એમ નાયબ નિયામક બી.એમ. રબારીએ જણાવ્યું છે.

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિજ્ઞાન કૃતિ જિલ્લા કક્ષાએ રજૂ થઈ

ગાંધીનગર, તા. ૨૯

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૨માં એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની બે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિભાગ-૧ની 'ઔદ્યોગિકરણ દ્વારા ઉદભવતા ધુમાડાનું શુદ્ધિકરણ' કૃતિ તાલુકા કક્ષાએ પસંદગી પામી જિલ્લા કક્ષાએ રજૂ કરવામાં આવી હતી.

શાળાના આચાર્ય એ વિજ્ઞાન મેળામાં રજૂ થયેલી કૃતિ વિશે જણાવતા કહ્યું છે કે, તાજેતરમાં ગણિત-વિજ્ઞાન-પ્રદર્શન-૨૦૧૨ યોજવામાં આવ્યું હતું. પ્રથમ વિભાગમાં ઔદ્યોગિકરણ દ્વારા ઉદભવતા ધુમાડાનું શુદ્ધિકરણ કૃતિ 'ખુશી રાવલ અને નીકી પટેલ' પ્રવીણાબેનના માર્ગદર્શન હેઠળ રજૂ કરી હતી. જયારે વિભાગ-૧માં બાયોગેસ પ્લાન્ટની કૃતિ ધૃવી પટેલ અને અંજલી પટેલે પ્રજ્ઞાબેનના માર્ગદર્શન હેઠળ રજૂ કરી હતી. બંને કૃતિમાંથી પ્રથમ વિભાગની કૃતિ તાલુકા કક્ષાએ પસંદગી પામી હતી અને જિલ્લા કક્ષાએ રજૂ કરવામાં આવી હતી. વિજ્ઞાન મેળામાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને તથા શિક્ષિકા બહેનોને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

મહેંદી નવાઝ જંગ હોલનાં નવીનીકરણનું લોકાર્પણ

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત રાજ્યના પ્રથમ રાજ્યપાલ સ્વ. મહેંદી નવાજ જંગ સાહેબના નામથી નામાભિધાન થયેલા મહેંદી નવાજ જંગ હોલના થયેલા નવીનીકરણનુ લોકાર્પણ રાજ્યપાલ ડૉ.કમલાજીએ કર્યું હતું. લોકાર્પણ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા રાજ્યપાલ ડો. કમલાજીએ જણાવ્યું હતું કે સ્વ. મહેંદી નવાઝ જંગના કાર્યકાળ દરમિયાન જનકલ્યાણના અનેકવિધ પગલાં લેવામાં આવ્યા હતા. ગુજરાત કેન્સર સોસાયટીની સ્થાપનામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. ગુજરાતમાં સેવાભાવી સંસથાઓના ઉજ્જવળ ભવિષ્ય તથા સહાયરૂપ થવા માટે ગવર્નર સોસિયલ વેલ્ફેર ફંડની રચના કરી. અનેકે વી સેવાકીય સંસ્થાઓ છે જે પર્યાપ્ત નાણાંકીય સહાયના અભાવે તેમનો સેવાલક્ષી વિસ્તાર વધારી નથી શકતા તેના નિવારણ અંગે પણ તેમણે વિચાર કર્યો અને ગવર્નર સોસિયલ વેલ્ફેર ફંડ દ્વારા સહાયતા આપવાનું વિચાર્યું અને અનેક એવી સંસ્થાઓએ આ ફંડ દ્વારા સેવાકાર્યો કર્યા છે. ગુજરાત અને રાજસ્થાનના દાતાઓની એક અનોખી પરંપરા રહી છે કે જનકલ્યાણ માટે ક્યારેય કોઈ સેવાકાર્યોની આવશ્યકતા હોય ત્યારે આવા દાતાઓ સામે ચ આજે રૂા. ૭૦ લાખના ખર્ચે નવનિર્મિત થયેલા આ હોલનું સ્વપ્ન પૂર્ણ થઈ શક્યું છે અને તેના થકી શહેરની જનતા માટે અનેક સારા કાર્યો આ હોલમાં આયોજિત કરવામાં સહભાગી થશે.

ગુજ.યુનિ. સિન્ડીકેટની ૧૦ સીટ માટે આજે ચૂંટણી થશે

અમદાવાદ, તા. ૨૯

આગામી બે માસ બાદ યોજાનાર વિધાનસભાને કારણે ગુજરાત યુનિવર્સિટીની આવતીકાલ ૩૦મી સપ્ટે.ના રવિવારના રોજ યોજાનાર સિન્ડીકેટની ચૂંટણી ભારે રસાકસી ભરી રહેશે. ભાજપ અને કોંગ્રેસ માટે વધુ બેઠકો મેળવવા માટેનો પ્રતિષ્ઠાનો જંગ સિન્ડીકેટની કુલ ૧૩ પૈકી ૩ બેઠકો બિનહરીફ થઈ ગઈ છે જ્યારે ૧૦ બેઠકો માટે ૧૯ ઉમેદવારો મેદાનમાં છે જ્યારે બોર્ડ ઓફ એકાઉન્ટની ૩ બેઠકો માટે ૫ ઉમેદવાર મેદાનમાં છે. ગુજરાત વિધાનસભાની આગામી બે માસ બાદ યોજાનાર ચૂંટણી ભારે રસાકસીભરી રહેવાની છે. જેને જોતા આવતીકાલ ૩૦મી સપ્ટે.ના રોજ યોજાનાર ગુજ.યુનિ. સિન્ડીકેટની ચૂંટણી દર વર્ષ કરતા આ વર્ષે પ્રતિષ્ઠાનો જંગ છે. સીન્ડીકેટની કુલ ૧૩ બેઠકો છે. જેમાં યુનિવર્સિટીના પ્રોફેસર હોય તેવા સેનેટ સભ્યોની બે બેઠકોમાં પ્રો. વિજ્યાલક્ષ્મી આરી અને ડો. નિશા શાહ અને સંચાલકની એક બેઠક પર દેવાંગ નાણાવટી બિનહરીફ જાહેર થયા છે. જેથી હવે ૧૦ બેઠકોમાં જનરલ કેટેગરીની ૩ બેઠક યુનિ. સંલગ્ન કોલેજ અધ્યાપકોની ૩ બેઠક, કોલેજના આચાર્યની ૩ બેઠક અને ગુજ.યુનિ. ટીચર્સ કેટેગરીની એક બેઠકનો સમાવેશ થાય છે. આ બેઠકો માટે ૧૯ ઉમેદવાર મેદાનમાં છે. બિનહરીફ બેઠકો માટે બન્ને પક્ષે દાવો કર્યો છે.

ઉદયભાણસિંહ રીજીયોનલ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા હિન્દી પખવાડીયું ઉજવાયું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સેક્ટર-૩૦માં આવેલા ઉદયભાણસિંહજી રીજીયોનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ દ્વારા તા. ૧૪ થી ૨૮ સપ્ટેમ્બર સુધી હિન્દી દિવસ/ હિન્દી પખવાડીયાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું સમાપન તા. ૨૮ સપ્ટેમ્બરના દિવસે રાખવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના હિન્દી પ્રભારી વિનોદકુમાર પાંડે, ગાંધીનગર નાગરીક બેંકના જનરલ મેનેજર હરેશ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તાલીમાર્થીઓને પાંડેએ હિન્દી ભાષાનું મહત્વ વિશે સમજણ આપી હતી. પખવાડીયા દરમ્યાન યોજેલી વિવિધ સ્પર્ધામાં વિજેતા તાલીમાર્થીઓને પુરસ્કાર હરેશ પંચાલના હસ્તે એનાયત કરાયા હતા. ઉપસ્થિત રહેલા સર્વેનો આભાર વ્યક્ત સી.આર. જાની, સુરેશ રાઠોડે કર્યો હતો.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજના યુવાનોને સાયકલ રેલીમાં જોડાવા અપીલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં રોટરી ક્લબ દ્વારા ગાંધી જયંતિએ સાયકલ મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાયકલ યાત્રામાં સૌરાષ્ટ્ર કચ્છ સમાજના ભાઈ બહેનોને જોડાવા માટે સમાજના અગ્રણીઓએ ખાસ અપીલ કરી છે. સ્વાસ્થ્ય અને પર્યાવરણની જાળવણી માટે તથા અઠવાડિયે એકવાર સાયકલ ચલાવવાની ટેવ પાડવા માટે રોટરી ક્લબ ગાંધીનગર અને ગેઝીયા-ગાંધીનગર દ્વારા સાયકલ મહાયાત્રાનું ગાંધીબાપુના જન્મદિવસે અભિનંદનીય કાર્ય આદેરલ છે જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના દરેક ભાઈ-બહેનો-યુવા-યુવતીઓ શુભેચ્છકો-મિત્રોએ જોડાવા સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવાના નિલેન્દુ વોરા અને જીલુભા ધાધલ તથા ગેઝીયાના રજની કણસાગરા હૃદયથી અપિલ કરે છે.

રાજ્યકક્ષાની જમ્પરોપ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી શાળાની વિદ્યાર્થિનીઓનો દ્વિતીય ક્રમ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના આચાર્ય સંતોકબેન ચૌધરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં રાજ્યકક્ષાની જમ્પરોપ સ્પર્ધામાં શાળાની ચાર વિદ્યાર્થિનીઓએ સુંદર પ્રદર્શન કરી દ્વિતીય નંબર મેળવ્યો હતો.

જે.એમ. ચૌધરી શાળાની સેજલ ચૌધરી દેવ્યાની પરમાર, પાયલ ચૌધરી અને ખ્યાતિ ચાવડાએ તાજેતરમાં ૨૫, ૨૬ અને ૨૭મી સપ્ટેમ્બરે યોજાયેલી રાજ્યકક્ષાની અન્ડર-૧૯ જમ્પરોપ સ્પર્ધામાં સુંદર દેખાવ કરી દ્વિતીય ક્રમ હાંસલ કર્યો હતો. શાળા પરિવારે વિજેતા ખેલાડી બહેનોએ અભિનંદન પાઠવ્યા હતા અને ઉત્તરોત્તર સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

મહાકાલી મિત્ર મંડળ અડાલજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા. ૨૯

અડાલજ ગામે શ્રી મહાકાલી મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ ગામના તરૂણો દ્વારા કાર્યરત છે. મહાકાલી મિત્ર મંડળના બાલ કાર્યકરોએ તાજેતરમાં ગણેશ મહોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. જેના છેલ્લા દિવસે ગજાનની મહાઆરતીનો કાર્યક્રમ અને ગામની ચાર શાળાઓનો પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ નંબર પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

મહાકાલી મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ મનન પુરોહિત તથા ભાવેશ પ્રજાપતિ, મિહિર પુરોહિત, પ્રતીક નાયક, જનકભાઈ પ્રજાપતિએ ગણેશ મહોત્સવનું આયોજન કરી ધાર્મિક વાતાવરણ ઉભું કર્યું હતું. અડાલજ ગામના વાણીયા વાસમાં યોજાયેલ સમુહ આરતી પ્રસંગે ગામના અગ્રણી જયેશભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, દિનેશભાઈ પ્રજાપતિ, પ્રકાશભાઈ પુરોહિત, ભગવાનભાઈ મહારાજ, મહેશભાઈ પુરોહિત, રમેશભાઈ પ્રજાપતિ, નટુભાઈ પ્રજાપતિ, ઘનાભાઈ પટેલ, જયેશભાઈ પ્રજાપતિ, રાકેશભાઈ નાયકે ખાસ હાજરી આપી હતી અને બાળ કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા હતા. અને સફળ સંચાલન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને કોમનવેલ્થ ગેઈમ્સની રાઈફલ શૂટીંગ વિજેતા, ગુજરાતની યશસ્વી મહિલા શૂટર કુ. લજ્જા ગોસ્વામી અને તેના પરિવારે આજે મળીને ગુજરાત સરકારની સહાયથી સ્વીઝરલેન્ડથી ખરીદેલી રૂા. ૬ લાખની કિંમતની શૂટીંગ રાઈફલ પ્રસ્તુત કરી હતી. આ રાઈફલથી કુ. લજ્જા ગોસ્વામીએ અન્ય મેડલ્સ તાજેતરમાં પ્રાપ્તકરેલા છે. મુખ્યમંત્રીશ્રીના શુભેચ્છા હસ્તાક્ષર પણ આ રાઈફલ ઉપર તેણે મેળવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ કુ. લજ્જાને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ આપી હતી.

સાત વર્ષની શ્રેયાએ કહ્યું... મમ્મી ! મારા પપ્પા ક્યાં છે? પપ્પા નહિ આવે તો હું બર્થ ડે કેક નહિ કાપું, બર્થ ડે નહીં ઉજવું...

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- પોપટલાલ એસ પ્રજાપતિ

'પ્રેમ લગ્ન' એ કેટલો જાણીતો શબ્દ છે? બે દિલોના દિમાગ પર પરસ્પર સમર્પિત થવાની દિવાનગી છવાઈ જાય. એકબીજાને ગમતું કરવા ગમા-અણગમાને વિસારે પાડી દેતા હોય અને છતાં આ પ્રેમલગ્નો મંઝીલે પહોંચતા પહેલાં કેમ અટવાઈ જાય છે? મયુર અને માધવી (બંનેના નામ બદલેલ છે) એ કુટુંબના વિરોધ વચ્ચે લવમેરેજ કર્યા. (યુવાનો જાણે છે કે કૌટુંબિક વિરોધ તો થોડો સમય બાદ શમી જતો હોય છે.) મયુર અને માધવીના દામ્પત્યજીવનનો મંગલ પ્રારંભ થયો. એક વર્ષ બાદ તેમના જીવનમાં સુંદર મજાની ઢીંગલી જેવી દીકરીનો પ્રવેશ થયો. દિકરીનું નામ પાડ્યું શ્રેયા. બંનેનું દામ્પત્યજીવન અત્યંત સુખી, પણ યુવાનીને વાંકુ પડયાં ક્યાં વાર લાગે છે? ત્રણ ચાર વર્ષમાં તો બંને એકબીજા સામે ઘુરકીયા કરવા માંડ્યા. પછી તો આસમાનના તારા તોડી લાવવાની વાત બાજુ પર પણ બજારમાંથી શાક લાવવાનું પણ આકરું લાગવા માંડ્યું. તુ તુ મૈં મૈં વધતાં છેવટે બંનેએ છુટા પડવાનો નિર્ણય કર્યો. ત્યારે શ્રેયા ચાર વર્ષની... દિકરીને માધવી પોતાની સાથે લેતી ગઈ. શ્રેયા પપ્પાની પણ ખૂબ લાડકી. પણ અહમના ટકરાવે દીકરીનો ભોગ લેવાયો. થોડો સમય મયુરે શ્રેયાની યાદમાં એકાંતમાં આંસુ વહાવી લીધા... પણ પછી પરિસ્થિતીનો સ્વીકાર કરી લીધો. આ બાજુ શ્રેયાને સ્કુલમાં મુકતાં કોઈ વાર પેરન્ટ્સ ડે એ બધા બાળકોના પપ્પા જોઈ શ્રેયા મમ્મીને પૂછે મમ્મી બધાના પપ્પા સ્કુલમાં આવે છે તો મારા પપ્પા ક્યાં છે? મમ્મી પાસે આનો કોઈ જવાબ ન હતો. સાચો જવાબ કહેવા માટેના શબ્દો મમ્મીને જડતા ન હતા. પરીણામે કોઈવાર સમજાવીને તો કોઈવાર ધમકાવીને શ્રેયાને મનાવી લેતા શ્રેયા બહુ સમજણી... રડતી રડતી થોડી વારમાં પપ્પાને ભુલી જાય. એમ કરતાં ત્રણ વર્ષ પસાર થઈ ગયા. હવે તો શ્રેયા સાત વર્ષની થઈ. આમેય દીકરીઓમાં સમજણ વહેલા આવી જતી હોય છે. મમતા અને લાગણીના પાઠ તેને ભણાવવા પડતા નથી. આજે શ્રેયાનો જન્મ દિવસ હતો. સવારથી તેણે નવા કપડાં પહેરી બધા મિત્રોને સાંજે બર્થ ડે પાર્ટીમાં હાજર રહેવાનું આમંત્રણ આપ્યું હતું. સુંદર મજાની કેક ઉપર અંગ્રેજી સાત આંકડાની કેન્ડલ ગોઠવી હતી. શ્રેયાના નાના-નાની, મામા-મામી, માસી, મમ્મી, બધા હાજર હતા. અને ત્યાં જ શ્રેયાએ સાવ નિર્દોષ ભાવે પણ એવો આબાદ પાસો ફેંક્યો કે જેણે તેના પપ્પા-મમ્મીના સામાજિક સમીકરણો બદલી નાખ્યા. શ્રેયાએ કહ્યું મમ્મી, બધા હાજર છે અને મારા પપ્પા કેમ નથી? મમ્મીએ હંમેશની જેમ દિકરીને સમજાવવા પ્રયત્ન કર્યો. બેટા, પપ્પા બહાર ગયા છે. હમણાં આવી શકે તેમ નથી. શ્રેયાએ જીદ કરી, નહિ મારા પપ્પાને બોલાવો. મારે પપ્પા જોઈએ. સૌએ તેને સમજાવવા પ્રયત્ન કર્યો પણ શ્રેયા આજે માનવા તૈયાર ન હતી. તે રડવા લાગી. પપ્પાને ફોન કરો. એ નહિ આવે ત્યાં સુધી હું કેક નહિ કાપું. મારે બર્થ ડે નથી મનાવવી.. સૌના ચહેરા ગમગીન બની ગયા. દિકરીને કેમ સમજાવવી? આજે ખુશીના દિવસે દિકરીની આંખમાં આંસુ જોઈ સૌની આંખો ભીની થઈ. ત્યાં કોઈને વિચાર સુજ્યો તેણે મયુરને મોબાઈલ કર્યો અને પછી શ્રેયાને આપી કહ્યું લે બેટા, તું જ પપ્પાને બોલાવી લે.. શ્રેયાએ રડતાં રડતાં કહ્યું, 'પપ્પા આજે મારી બર્થ ડે છે તે તમને ખબર નથી?' તમે જલ્દી આવો ને? મારા મિત્રો આવી ગયા છે પપ્પા તમારી કયારની રાહ જોઉં છું?.. અને માધવીએ મોબાઈલ લઈ મયુરને કહ્યું પ્લીઝ, થોડો સમય આવી જાઓને? શ્રેયાની આજે બર્થ ડે છે અને તમને યાદ કરીને ખૂબ રડે છે.. પ્લીઝ અને માધવીના ગળે ડુમો ભરાયો.. કંઈ બોલી ન શકી.. મયુરને પણ લાડકી દિકરીની યાદ આવતાં ગળગળો થઈ ગયો. દિકરીના આંસુમાં તેનો અહમ ઓગળી ગયો. તેણે માધવીને કહ્યું... હું આવું છું... આબ ઘડી.. અને મયુર ૮૦-૧૦૦ની ઝડપે ભગાવી અને લાડકી દિકરીની બર્થ ડે પાર્ટીમાં હાજર થઈ ગયો. બધા બોલી ઉઠ્યા પપ્પા આવ્યા.. પપ્પા આવ્યા.. અને શ્રેયા દોડતી જઈ પપ્પાને વળગી રડવા રડતા બોલી, પપ્પા આટલું બધું મોડું કરવાનું? આજે ત્રણ વર્ષે પપ્પા મળતાં શ્રેયાની ખુશાલીનો પાર ન હતો. તેણે કેક કાપી... એક ટુકડો મમ્મીના મોઢાંમા.. બીજો ટુકડો પપ્પાના... અને ત્યારે બંનેની આંખોમાં આંસુ અનરાધાર વહી રહ્યા હતા.. વાતાવરણ ગમગીન હતું.. પપ્પા બોલી ઉઠ્યા.. હેપી બર્થ ડે બેટા.. અને સૌએ હેપી બર્થ ડે ટુ યુ.. કહી વાતાવરણને ગજવી મુક્યું.. અને ત્યારે માધવીએ મયુરને બાજુ પર બોલાવી કહ્યું.. શ્રેયા પપ્પાને બહુ યાદ કરે છે પ્રત્યેક પ્રસંગે એ સવાલ કરે છે તેનો મારી પાસે કોઈ જવાબ હોતો નથી. વહાલના દરીયાને તમારાથી અળગી ન કરો, પ્લીઝ.. અને મયુરે વહાલથી દિકરીને તેડી તેના ગાલે ચુંબન કરી કહ્યું. બેટા, હવે હું ક્યાંય નહિ જાઉં બસ? શ્રેયા કહે પ્રોમીસ?... મયુરે માથે હાથ મુકી કહ્યું.. હા બેટા.. પ્રોમીસ... અને વહાલના દરીયાએ ચમત્કાર સર્જ્યો.. મયુર અને માધવી ફરી એક થયા.. ફરી તેમના દામ્પત્યજીવનનો પ્રારંભ થયો.. આજે શ્રેયા ૧૦ વર્ષની છે... પપ્પા મમ્મી બંનેની ખૂબ લાડકી છે... (ઘાટલોડીયા- અમદાવાદની સત્ય ઘટના)